શ્રીલંકા-11ને ભારતનો વળતો જવાબ, પ્રથમ ઈનિંગમાં 357 રન બનાવ્યા

પડિક્કલે અણનમ 142 રન ફટકારી ત્રીજા નંબરનું સ્થાન પાકું કર્યું

જાડેજા અને સુથારનું પણ સારું યોગદાન, પંત-જુરેલ ફરી નિષ્ફળ

ગુરનૂર બરારે છેલ્લી ઓવરમાં ફટકાર્યા 4 છગ્ગા

કોલંબો, તા. 8 (પીટીઆઈ): શ્રીલંકા ક્રિકેટ ઈલેવન સામેની ત્રણ દિવસીય વોર્મ-અપ મેચના બીજા દિવસે દેવદત્ત પડિક્કલે શાનદાર અણનમ સદી ફટકારીને પ્રથમ ટેસ્ટ માટે ભારતની પ્લેઈંગ ઈલેવનમાં નંબર 3 સ્થાન માટે પોતાનો દાવો મજબૂત કર્યો છે. બીજી તરફ યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત અને ધ્રુવ જુરેલ અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યા નહોતા. દિવસના અંતે ભારતે 90 ઓવરમાં 8 વિકેટે 357 રનનો સ્કોર કર્યો હતો, જ્યારે શ્રીલંકા- XIએ પ્રથમ દિવસે 8 વિકેટે 363 રન પર ઈનિંગ ડિક્લેર કરી હતી.

નંબર-3 પર ઉતરેલા પડિક્કલે 164 બોલમાં 18 ચોગ્ગા સાથે 142 રનની અણનમ ઇનિંગ રમી. સાઈ સુદર્શન અંગૂઠાની ઈજાને કારણે ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો હોવાથી પડિક્કલ માટે આ પ્રદર્શન મહત્વનું છે. તેણે કે એલ રાહુલ (40 રન) સાથે બીજી વિકેટ માટે 96 રનની ભાગીદારી કરી. જયસ્વાલ દિવસના બીજા જ બોલે ખાતું ખોલ્યા વિના વિશ્વા ફર્નાન્ડોના બોલે આઉટ થયો હતો.

ઋષભ પંત માત્ર 2 રને રમેશ મેન્ડિસનો શિકાર બન્યો, જ્યારે જુરેલ 1 રન બનાવી આઉટ થયો. મેન્ડિસે બંને વિકેટ ઝડપી હતી. ત્યારબાદ રવિન્દ્ર જાડેજા અને માનવ સુથારે 76 રનની ભાગીદારી કરી. જાડેજાએ 63 અને સુથારે 41 રન બનાવ્યા.

વોર્મ-અપ મેચ હોવાથી રિટાયર્ડ થયા બાદ પડિક્કલ ફરી બેટિંગ કરવા આવ્યો અને અંતમાં સારાંશ જૈન સાથે ટીમનો સ્કોર 300ને પાર પહોંચાડ્યો. સારાંશે 22 રન બનાવી રિટાયર થયો.

છેલ્લા ઓવરોમાં ગુરનૂર બરારે માત્ર 18 બોલમાં 36 રનની આક્રમક ઈનિંગ રમી, જેમાં 4 છગ્ગા અને 2 ચોગ્ગા સામેલ હતા. દિવસના અંતિમ ઓવરમાં તેણે દિલુમ સુધિરા સામે સતત 4 છગ્ગા ફટકારી ભારતનો સ્કોર 357 સુધી પહોંચાડ્યો.

ખેલાડીઓની ઈજાથી ચિંતિત BCCI, સૈકિયા COEની મુલાકાત લેશે

બુમરાહ, સુદર્શન, હર્ષિત, નીતિશ એને વોશિંગ્ટન સુંદર જેવા ખેલાડીઓ ઈજાના કારણે બહાર છે

આજે સૈકિયા-લક્ષ્મણની બેઠકમાં ખેલાડીઓની ફિટનેસ અને રિહેબિલિટેશન મેનેજમેન્ટની સમીક્ષા થશે

ઈજાના મેનેજમેન્ટમાં ખામીઓ પર પણ ચર્ચા કરવામાં આવશે



નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): ભારતીય ટીમમાં ઈજાના વધતા કેસોથી ચિંતિત BCCI સચિવ દેવજિત સૈકિયા રવિવારે બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) ની મુલાકાત લઈને ત્યાંના વડા વી વી એસ લક્ષ્મણ સાથે ખેલાડીઓના રિહેબિલિટેશન મેનેજમેન્ટ પ્રોગ્રામની સમીક્ષા કરશે. તાજેતરમાં અનેક મહત્વના ખેલાડીઓ ઈજાગ્રસ્ત થતાં BCCI માટે તેમની વાપસી સૌથી મોટો પડકાર બન્યો છે.

ભારત જસપ્રીત બુમરાહ (ઘૂંટણમાં સોજો), બી. સાઈ સુદર્શન (ડાબા પગના અંગૂઠામાં ઈજા), હર્ષિત રાણા (હેમસ્ટ્રિંગ), નીતિશ કુમાર રેડ્ડી (હેમસ્ટ્રિંગ) અને વોશિંગ્ટન સુંદર (ક્વાડ્રિસેપ્સ)ની સેવાઓથી વંચિત છે. આકાશ દીપ પણ લાંબા સમયથી લોઅર-બેક સ્ટ્રેસ ફ્રેક્ચરને કારણે બહાર છે.

વ્હાઇટ-બોલના નિષ્ણાત ખેલાડી હાર્દિક પંડ્યા (ક્વાડ્રિસેપ્સ), વરુણ ચક્રવર્તી (હેમસ્ટ્રિંગ) અને પ્રિન્સ યાદવ (હેમસ્ટ્રિંગ) પણ COEમાં છે. નીતિન પટેલે 2025ની શરૂઆતમાં રાજીનામું આપ્યા બાદ સ્પોર્ટ્સ સાયન્સ ટીમ વડા વિના કામ કરી રહી છે.

BCCIના સૂત્રએ જણાવ્યું કે સૈકિયા અને લક્ષ્મણ ઈજાની સ્થિતિની સમીક્ષા કરશે. કોચ ગૌતમ ગંભીર અથવા મુખ્ય પસંદગીકાર અજિત અગરકર ઓનલાઈન બેઠકમાં જોડાશે કે નહીં તે સ્પષ્ટ નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ COE અને પસંદગી સમિતિ વચ્ચે ઈજામાંથી વાપસીના સમયને લઈને હંમેશા સંકલન રહ્યું નથી. હર્ષિત રાણા પૂરતી ફિટનેસ વિના ઇંગ્લેન્ડ પહોંચ્યો હોવાની બાબત પણ પસંદગીકારોને પસંદ આવી નહોતી.

બુમરાહના ઘૂંટણમાં ઈજા બાદ પાણી ભરાયું છે અને તેને વધુ સમયની જરૂર છે, જ્યારે સુદર્શન દરરોજ 75 મિનિટ બેટિંગ કરવા છતાં અંગૂઠાના દુખાવામાંથી સંપૂર્ણ સાજો થયો નથી. નીતિશ રેડ્ડીએ બોલિંગની ઝડપ 7થી 8 કિમી પ્રતિ કલાક વધારવાનો પ્રયાસ કરતાં હેમસ્ટ્રિંગ અને ક્વાડ્રિસેપ્સ પર અસર પડી હતી.

અશ્મિતા ચલીહા કોરિયા માસ્ટર્સની ફાઈનલમાં

સાથી ખેલાડી રક્ષિતાને હરાવી અશ્મિતા પહેલીવાર BWF વર્લ્ડ ટૂરની ફાઇનલમાં પહોંચી

હવે ચીનની હાન કિયાન્શી સામે ટાઇટલ માટે મુકાબલો

આસાન (દક્ષિણ કોરિયા), તા. 8 (પીટીઆઈ): દક્ષિણ કોરિયાના આસાનમાં રમાઈ રહેલી કોરિયા માસ્ટર્સ સુપર-300 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતની અશ્મિતા ચલીહાએ શાનદાર પ્રદર્શન જારી રાખતા પોતાની કારકિર્દીની પ્રથમ BWF વર્લ્ડ ટૂર સિંગલ્સ ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. શનિવારે સેમિફાઈનલમાં અશ્મિતાએ 19 વર્ષની ભારતીય ખેલાડી રક્ષિતા રામરાજને 21-13, 16-21, 21-13થી હરાવી હતી.

વિશ્વમાં 50મા ક્રમે રહેલી અશ્મિતા હવે ટાઈટલ માટે ચીનની હાન કિયાન્શી સામે રમશે. વિશ્વ રેન્કિંગમાં 35મા ક્રમે રહેલી અને ચોથી સિડ ધરાવીત કિયાન્શીએ બીજી સેમિફાઈનલમાં એક કલાક અને પાંચ મિનિટની જહેમત બાદ જીત મેળવી હતી.

જમણા ઘૂંટણમાં મેડિયલ મેનિસ્કસની ઈજાને કારણે ત્રણ મહિના સુધી રમતથી દૂર રહ્યા બાદ અશ્મિતાએ મે મહિનામાં વાપસી કરી હતી. ત્યારથી તેણે BWF ટૂર પર સારો દેખાવ કર્યો છે અને મકાઉ ઓપનની સેમિફાઈનલમાં પણ પહોંચી હતી. તે ગુવાહાટીના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સમાં પાર્ક તાઈ-સાંગના માર્ગદર્શન હેઠળ તાલીમ લે છે. અશ્મિતાની ફાઈનલમાં એન્ટ્રી સાથે સતત બીજી વખત કોઈ ભારતીય ખેલાડી BWF વર્લ્ડ ટૂર ફાઈનલમાં પહોંચ્યો છે. ગયા રવિવારે તન્વી શર્માએ તાઈપેઈ ઓપનનું ટાઈટલ જીત્યું હતું. સેમિફાઈનલમાં અશ્મિતાએ નિર્ણાયક ગેમમાં શરૂઆતથી જ દબદબો જમાવ્યો અને 9-1ની લીડ મેળવી હતી. રક્ષિતાએ વાપસીનો પ્રયાસ કર્યો. પરંતુ અશ્મિતાએ નિયંત્રણ જાળવી 18-9ની લીડ મેળવી હતી. અંતે રક્ષિતાની ભૂલથી અશ્મિતાએ 48 મિનિટમાં મેચ જીતી લીધી.

લિયોનેલ મેસીના પિતા જોર્જ મેસીનું નિધન

મોન્ટેવીડિયો (ઉરુગ્વે), તા. 8 (એપી): આર્જેન્ટિનાના ફૂટબોલ સ્ટાર અને કેપ્ટન લિયોનેલ મેસીના પિતા તથા લાંબા સમયથી તેના એજન્ટ રહેલા જોર્જ મેસીનું શનિવારે 68 વર્ષની વયે અવસાન થયું હતું. રોસારિયોની એક હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. ન્યૂવેલ્સ ઓલ્ડ બોયઝ ક્લબે જણાવ્યું કે જોર્જ છેલ્લા કેટલાક મહિનાથી અજાણી બીમારીની સારવાર લઈ રહ્યા હતા.

કનમેબોલે પણ લિયોનેલ મેસી પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તાજેતરના વર્લ્ડકપમાં અલ્જીરિયા સામેની મેચમાં ગોલ કર્યા બાદ મેસી ભાવુક થયો હતો. બાદમાં તેણે કહ્યું હતું કે તે રમત સાથે સંબંધિત કારણસર રડ્યો ન હતો અને મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો હતો.

જોર્જ મેસીએ મેસીની કારકિર્દીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. 2000ના દાયકાની શરૂઆતમાં તેઓ યુવાન લિયોનેલને બાર્સેલોના લઈ ગયા હતા, જ્યાં તેમણે લા માસિયામાં ટ્રાયલ આપ્યું હતું. મેસીની સફળતા બાદ તેના પિતાએ બાર્સેલોના, પેરિસ સેન્ટ જર્મેન અને ઈન્ટર મિયામી સાથેના કરારો તેમજ તેના બિઝનેસ, ઈમેજ રાઇટ્સ અને રોકાણોનું સંચાલન કર્યું હતું.

સાઈ સુદર્શન શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર

શ્રીલંકા-11 સામે સદી ફટકારનાર દેવદત્ત પડિક્કલ નંબર-3 પર રમી શકે

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): ટોપ ઓર્ડરનો પ્રતિભાશાળી બેટ્સમેન બી. સાઈ સુદર્શન શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચોની શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. ગયા મહિને ભારત-Aના શ્રીલંકા પ્રવાસ દરમિયાન પગમાં થયેલી ઈજામાંથી તે સંપૂર્ણ રીતે સાજો થઈ શક્યો નથી.

સુદર્શને શ્રીલંકા-A સામેની બે 'A' ટેસ્ટમાં બે સદી ફટકારી હતી. જોકે બીજી મેચ દરમિયાન તેના પગના અંગૂઠામાં ઈજા થઈ હતી. ત્યારથી બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સમાં તેનું રિહેબિલિટેશન ચાલી રહ્યું હતું.

સ્પોર્ટ્સ સાયન્સ ટીમે જણાવ્યું કે સુદર્શનમાં નોંધપાત્ર સુધારો થયો છે, પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં સુરક્ષિત વાપસી માટે પૂરતી રિકવરી થઈ નથી. ડોક્ટરોએ તેને વધુ સમય સુધી કુદરતી રીતે સાજા થવાની સલાહ આપી છે. ઈજા ફરી ન થાય તે માટે રિહેબિલિટેશન, સ્ટ્રેન્થ અને કન્ડિશનિંગ તથા ક્રિકેટ સંબંધિત વર્કલોડ ધીમે ધીમે વધારવામાં આવશે.

સુદર્શનની ગેરહાજરીમાં પ્રેક્ટિસ મેચમાં સદી ફટકારનાર દેવદત્ત પડિકલ નંબર-3 બેટર તરીકે રમશે. હવે સુદર્શનના સ્થાને ટીમમાં કોને સામેલ કરવામાં આવશે તે જોવાનું રહેશે.

મુંબઈનો અનુભવી સરફરાઝ ખાન વિકલ્પ બની શકે છે, જોકે ટીમ મેનેજમેન્ટમાં અમુક લોકોને તેના પર વિશ્વાસ નથી.

જેમિમા ઈજાગ્રસ્ત: વિમેન્સ ટી20 એશિયા કપમાં રમવા સામે અનિશ્ચિતતા

ઈજાના કારણે જેમિમા ઇંગ્લેન્ડમાં રમાઈ રહેલી 'ધ હન્ડ્રેડ'માંથી બહાર થઈ

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): ભારતીય મહિલા બેટર જેમિમા રોડ્રિગ્સ હેમસ્ટ્રિંગની ઈજાના કારણે ચાલી રહેલી 'ધ હન્ડ્રેડ' ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. સધર્ન બ્રેવ માટે રમતી વખતે થયેલી આ ઈજાને પગલે આગામી વિમેન્સ ટી20 એશિયા કપમાં તેના રમવા સામે પણ આશંકા સેવાઈ રહી છે.

સધર્ન બ્રેવે શનિવારે સત્તાવાર પુષ્ટિ કરી હતી કે ટુર્નામેન્ટની બાકી રહેલી મેચો માટે જેમિમાના સ્થાને ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ચાર્લી નોટનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. 25 વર્ષીય જેમિમાએ સધર્ન બ્રેવ માટે છ ઇનિંગ્સમાં 131.19ના સ્ટ્રાઇક રેટ અને 35.75ની સરેરાશથી 143 રન બનાવ્યા હતા, જેમાં તેનો સર્વોચ્ચ સ્કોર અણનમ 42 રન રહ્યો હતો.

વિમેન્સ ટી20 એશિયા કપ 28 ઓગસ્ટથી શરૂ થઈ રહ્યો છે, જેમાં ભારતીય ટીમ પોતાના અભિયાનની શરૂઆત 30 ઓગસ્ટે થાઈલેન્ડ સામે કરશે. આ મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટ માટે ફિટ થવા જેમિમા પાસે હવે ત્રણ સપ્તાહ કરતાં પણ ઓછો સમય બાકી છે. ભારતીય ટીમની મધ્યક્રમમાં પ્રમુખ બેટર્સ પૈકી એક જેમિમાની આ ઈજાએ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના મેનેજમેન્ટ માટે ચિંતા ઊભી કરી છે.

ઓસ્ટ્રેલિયા-11 સામે બાંગ્લાદેશ માત્ર 54 રનમાં ઓલઆઉટ

પ્રેક્ટીસ મેચમાં બાંગ્લાદેશની એક ઇનિંગ્સ અને 38 રનથી હાર

22 વર્ષીય કેમ્પબેલ થોમ્પસને 25 રનમાં 8 વિકેટ ઝડપી બાંગ્લાદેશની બેટિંગ ધ્વસ્ત કરી

કેનબેરા, તા. 8: ડાર્વિનમાં બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ પહેલા ક્રિકેટ ઓસ્ટ્રેલિયા-XI સામેની ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચમાં બાંગ્લાદેશની બેટિંગની નબળાઈ સામે આવી છે. બીજી ઇનિંગમાં બાંગ્લાદેશની આખી ટીમ માત્ર 54 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પરિણામે તેને એક ઇનિંગ્સ અને 38 રનથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો. આ હાર ટેસ્ટ શ્રેણી પહેલા ટીમની તૈયારીઓ માટે ચિંતાનો વિષય બની છે.

આ મેચમાં 22 વર્ષીય ડાબોડી ફાસ્ટ બોલર કેમ્પબેલ થોમ્પસને શાનદાર બોલિંગ કરી. તેણે માત્ર 25 રન આપીને કુલ 8 વિકેટ ઝડપી હતી. શુક્રવારે બે વિકેટ લીધા બાદ શનિવારે સવારે તેણે વધુ 6 વિકેટ ઝડપી બાંગ્લાદેશની બેટિંગનો ધ્વંસ કરી નાખ્યો. બાંગ્લાદેશે સવારે માત્ર 35 રન ઉમેર્યા અને 8 વિકેટ ગુમાવી દીધી.

બાંગ્લાદેશ તરફથી તન્ઝીદ હસને સૌથી વધુ 22 રન બનાવ્યા અને તે સિવાય બાંગ્લાદેશો કોઈ બેટ્સમેન 10 રન સુધી પણ પહોંચી શક્યો ન હતો.

આ પહેલાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયા XIએ બાંગ્લાદેશના પ્રથમ ઇનિંગમાં 263 રનના જવાબમાં 355 રન બનાવી પ્રથમ ઇનિંગમાં 92 રનની લીડ મેળવી હતી.

અનુસંધાન ... પાના પહેલાનું

રશિયન ક્રૂડ...

૧૯૯૬ની મુદત વર્ષ ૨૦૩૧ સુધી લંબાવશે, જે ઈરાનના ઉર્જા ક્ષેત્રમાં રોકાણ કરતી કંપનીઓને દંડિત કરે છે. આ દ્વિપક્ષીય ખરડો રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામ, જેમનું ૧૧ જુલાઈએ અવસાન થયું હતું, અને ડેમોક્રેટ રિચાર્ડ બ્લુમેન્થલ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. કિવના પ્રવાસ બાદ ગ્રેહામના અચાનક અવસાન પછી, બંને પક્ષોના નેતાઓએ આ બિલ પસાર થાય અને યુક્રેનના સાથી તરીકે દિવંગત સેનેટરના વારસાને સન્માન મળે તે સુનિશ્ચિત કરવા માટે નવી ઊર્જા સાથે કામ કર્યું હતું.

આ ખરડો રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, રશિયાના ધનવાન ઉદ્યોગપતિઓ અને નાણાકીય સંસ્થાઓને નિશાન બનાવીને રશિયન નેતાઓ અને અધિકારીઓ પર પણ પ્રતિબંધો લાદવાની જોગવાઈ ધરાવે છે. જો કે કેટલાક ડેમોક્રેટ્સે ચેતવણી આપી છે કે આ બિલ ટ્રમ્પને એવા સમયે નવી ટેરિફ સત્તાઓ આપશે જ્યારે તેમણે આવી જકાતોને તેમની વેપાર નીતિના કેન્દ્રમાં રાખી છે. આ બિલ હવે ૩૧ ઓગસ્ટે જ્યારે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની બેઠક મળશે ત્યારે મંજૂરી માટે ત્યાં જશે.

મહિલા અનામત,...

ગુરુદ્વારા પ્રબંધક કમિટી(SGPC)એ તેના ગૃહમાં મહિલાઓ માટે અનામત પ્રદાન કરીને પહેલેથી જ એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. પાર્ટીએ લોકસભાની બેઠકોના સીમાંકનને ૨૦૧૧ની વસ્તી ગણતરી સાથે જોડવાને બદલે, તમામ રાજ્યો માટે બેઠકોમાં સમાન રીતે ૫૦ ટકાનો વધારો કરવાની કેન્દ્રની દરખાસ્તને પણ ટેકો આપ્યો હતો. બાદલે જણાવ્યું હતું કે, "પાર્ટીએ ભારપૂર્વક જણાવ્યું છે કે મહિલા અનામત અને સીમાંકનની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે થવી જોઈએ. શિરોમણી અકાલી દળના નેતા દલજીત સિંહ ચીમાએ જણાવ્યું હતું કે પાર્ટીએ અગાઉ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે સીમાંકનનો વિરોધ કર્યો હતો, પરંતુ વ્યાપક ચર્ચા-વિચારણા બાદ તેણે બેઠકોના સમાન વિસ્તરણ માટેની કેન્દ્રની દરખાસ્તને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે પાર્ટી એક એવી ન્યાયી વ્યવસ્થા ઈચ્છે છે જે તમામ રાજ્યો માટે સમાન પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરે. અત્રે ઉલ્લેખનીય છે કે બાદલ સાથે વડાપ્રધાન મોદીની ગઈકાલે થયેલી બેઠકે આ બંને પક્ષો પંજાબ વિધાનસભાની આગામી ચૂંટણી લડવા માટે ફરી ભેગા થાય તેવી અટકળોને પણ વેગ આપ્યો છે.

UPI યુઝરોને કોઇ...

કરવાની દરખાસ્ત કરે છે, ત્યારબાદ NPCIના વડપણ હેઠળની 'UPI એન્ડ સર્વિસીસ સ્ટીયરિંગ કમિટી' MDR અંગેનો નિર્ણય લેશે, જો કોઈ ચાર્જ લગાવવાનો હશે તો. સરકાર સ્પષ્ટતા કરી હતી કે જો કોઈ ચાર્જ લાગશે તો તે ટોચમર્યાદા આધારિત હશે અને તમામ વ્યવહારો પર ચાર્જ નહીં લાગે, મોટા ભાગના વ્યવહારો નિઃશુલ્ક રહેશે.

પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ (PSS એક્ટ)માં તાજેતરના સુધારા અંગે ચર્ચા શરૂ થઈ છે, જેમાં કેટલાક લોકો તેને સામાન્ય વપરાશકર્તાઓ પર ચાર્જ લાદવાના પગલા તરીકે ખોટી રીતે અર્થઘટન કરી રહ્યા છે. નિવેદનમાં ઉમેર્યું છે કે, વાસ્તવમાં આ સુધારો એક સક્ષમકર્તા જોગવાઈ છે, જે UPIની લાંબાગાળાની ટકાઉક્ષમતા, તકનીકી પ્રગતિ અને ઉભરતા જોખમો સામે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે. તેના પાછળના તર્કને સમજાવતા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં અસાધારણ વધારાને કારણે સિસ્ટમને સાયબર સિક્યુરિટી, ફ્રોડ પ્રિવેન્શન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટા પાયે અને સતત અપગ્રેડેશનની જરૂર છે.

છ મહિનામાં...

ભારત તે સમયગાળા દરમિયાન બીજા ક્રમે હતું. આ વર્ષે કેનેડાનો હકાલપટ્ટીનો આંકડો અમેરિકા દ્વારા ભારત મોકલવામાં આવેલા ભારતીયોની સંખ્યા કરતાં પણ અઢી ગણા કરતાં વધુ છે. ભારતના વિદેશ મંત્રાલયે ગયા મહિને જણાવ્યું હતું કે ૧ જાન્યુઆરીથી ૨૨ જુલાઈ વચ્ચે અમેરિકામાંથી ૧,૨૭૩ ભારતીય નાગરિકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

PoKમાં દમનના...

પર પ્રતિબંધ મૂકવા બાબતે અને તેના નેતાઓની ધરપકડના મામલે નિષ્પક્ષ અને સંપૂર્ણ તપાસ માટે હાકલ કરી હતી. ગયા મહિને જિનીવામાં જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું હતું કે, તુર્કે મહિનાના અંતમાં યોજાનારી પ્રાદેશિક ચૂંટણીઓ પહેલાં અશાંતિના મોજા વચ્ચે PoKમાં શાંતિ જાળવવાની અપીલ કરી હતી. હકે ઉમેર્યું હતું કે, જો શાંતિપૂર્ણ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ લોકોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોય, તો તેના માટે જવાબદારી નક્કી થવી જ જોઈએ.

USમાં H-1B...

પિરિયડ નાબૂદ કરશે, જે તેમને મુખ્ય વ્યક્તિની રોજગારી તેમના રોકાણની મુદત પૂરી થાય તે પહેલાં સમાપ્ત થવાની સ્થિતિમાં મળતો હતો. આ દરખાસ્તની વધુ વિગતો હાલમાં જાણવા મળી નથી.

આ 60 દિવસનો ગ્રેસ પિરિયડ 2017માં દાખલ કરવામાં આવ્યો હતો જેથી વિદેશી કામદારો અને તેમના આશ્રિતો નોકરી ગુમાવ્યા પછી નવી રોજગારીની શોધ કરતી વખતે અમેરિકામાં રહી શકે.

ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ્સના જણાવ્યા અનુસાર, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી પાસે આ ગ્રેસ પિરિયડને ટૂંકાવવાની અથવા નકારવાની વિવેકબુદ્ધિની સત્તા છે, પરંતુ ભાગ્યે જ એવું કરવામાં આવ્યું છે. આ નિયમ E-1, E-2, E-3, H-1B, H-1B1, L-1, O-1 અને TN કેટેગરીના નોન-ઇમિગ્રન્ટ વિઝા ધારકો અને તેમના આશ્રિતોને લાગુ પડે છે.

જો 60 દિવસનો છૂટનો સમય નાબૂદ કરવામાં આવે છે, તો જે વિદેશી નાગરિકોની રોજગારી સમય પહેલાં સમાપ્ત થાય છે તેઓ અને તેમના આશ્રિતોએ સામાન્ય રીતે તાત્કાલિક અમેરિકા છોડવું પડશે. અમેરિકામાં ભારતીય-અમેરિકન વસ્તી અંદાજે 52 લાખ હોવાનો અંદાજ છે. H-1B રોજગાર વિઝાના સૌથી મોટા લાભાર્થીઓમાં ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે.

આજનું પંચાંગ

તા. 09/08/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અષાઢ
તિથિ: વદ : અગિયારસ 11:06 કમિકા એકાદશી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ: 18
યોગ : હર્ષણ **કરણ:** કૌવલ
નક્ષત્ર : મૃગશીર્ષ: 14:44
રાશિ: મિથુન (ક,છ,ઘ)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:11
નવકારસી : 07:04
પારસી વર્ષ : 1395 સ્પેન્દારમદ માસનો 30મો રોજ
મુસલમાન વર્ષ : 1448 સફર માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુકાળ: સવારે : 16:30 થી 18:00 સુધી

મેષ (અ,લ,ઇ,): વિદ્યાર્થીઓને સફળતા મળેફ. યાત્રા, પ્રવાસનું લગતાં કામમાં પ્રગતિ થાય. બૌદ્ધિક લોકોનું માર્ગદર્શન મળે.
વૃષભ (બ,વ,ઉ,): માર્કેટિંગ, દલાલી અને ટ્યુશનને લગતા કામમાં આવક વધશે. નવા રોકાણની યોજના બને.
મિથુન (ક,છ,ઘ,): પરિવારમાં તણાવ રહે. સામાજીક સમસ્યા સતાવે. જીવનસાથી ભાઈ-બહેનનો સાથ મળે. પ્રવાસમાં સાવધાન.
કર્ક (ડ,હ,): લેવડ-દેવડ ટાળવું મોજશોખ પાછળ ખર્ચા વધશે. કોઇની જમાનત લેવી નહી. ગુપ્તભય સતાવે.
સિંહ (મ,ટ,): અપેક્ષિત કામમાં મદદ મળે. વફાદાર મિત્રોની મદદથી ધંધા માટે યોજના બને. પ્રેમમાં સાથ મળે.
કન્યા (પ,ઠ,ણ,): ધંધામાં નવી યોજના પાર પડે. વડીલોનો સાથ મળે. સમાજ જીવનમાં જવાબદારી વધશે.
તુલા (ર,ત,): કાયદાકાનૂન બાબતે મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. વિદેશનાં કામમાં પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન,ય,): આંખોની કાળજી રાખવી. હરીફોથી સાવધાન. પૂજા-પાઠમાં મનને શાંતિ મળે. અચાનક શુભ સમાચાર મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): કોર્ટ, કચેરીમાં અનુકુળતા રહે. પરિવારમાં નવા કામની યોજના પાર પડે. જીવનસાથીનો સાથ મળે.
મકર (ખ,જ,): પડવા વાગવાથી સાવધાન, ગુપ્તભય સતાવે. અચાનક કોઇ મદદથી આત્મવિશ્વાસ વધશે.
કુંભ (ગ,સ,શ,ષ,): નવા સામાજીક સંબંધો બંધાય. સ્વાર્થી મિત્રોથી સાવધાન. પ્રેમમાં સાથ મળે. નવી નોકરીની તક મળે.
મીન (દ,ચ,ઝ,થ,): ઓફિસ, મકાન, જમીન, વગેરેની ખરીદીની યોજનામાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 09 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર અને ટેકનોલોજીથી નવુ શિખવા મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. કુટુંબ પરિવારની અપેક્ષાઓ દોડધામ વધારશે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અનુકુળતાથી અટકેલા કામમાં ગતિ આવે. ઉમર લાયકને યોગ્ય પાત્ર મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વડીલોની મદદ મળે. પ્રેમ-વિવાહમાં મિત્રોની મદદ મળે. સંતાનોના કેરીયર અભ્યાસમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં ચડપી પડતી રહે. સ્ત્રીવર્ગની સમસ્યાઓનું સમાધાન થાય. નોકરીમાં પ્રમોશન મળી શકે છે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. માર્ચ-એપ્રિલ-ઓક્ટોબર-નવેમ્બર, મંગળ, ગુરુવાર 09,18,27 તારીખે નવા કામ કરવા. લાલ રંગનો ઉપયોગ કરતા રહેવું. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ, શનિવાર, 8,17,29 તારીખે નવા કામ ટાળવા. સફેદ, ભૂરા રંગનો ઉપયોગ ટાળવો.

દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

સ્ત્રીઓને ઉનવા

આમળાનો રસ 3 ચમચીમાં એક ચમચી સાકર ઉમેરી સવાર સાંજ પીવું. દાહ, દર્દ મટશે. આઠ દિવસ લો.